

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

ડરે નિર્ણયથી નેતાઓ, હિંમતને ત્રણ તલ્લાક!
મતપેટીમાં માર પડે એ મુદ્દાને ત્રણ તલ્લાક!
દઈ દે ત્રણ તલ્લાક - કાયદાની સમાનતાને -
ન્યાયતંત્ર એ ગુલામીને કહી દે છે ત્રણ તલ્લાક!
(આવાં કામ 'એ' ન્યાયતંત્રને સોંપી દે છે)
- મા. શ્રી ખેહર

### હાઈકુ

બનાવી શકો -
'આઠ-દસ'ને મૂર્ખ -
પ્રજા ને નહીં...
(ત્રીજો મોરચો)

ફરે ને મરે!
આંકડામાં સ્વાઈન -
એકાંત વોર્ડે...
(તંત્ર ભરોસે)

### ચિંતન

સર્વ ભૂતસ્થં આત્માનં સર્વ ભૂતાનિ ચ આત્મનિ ।
સમ પશ્યન્ બ્રહ્મ પરમં યાતિ ન અન્યેન હેતુના ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સુભાષિત સંસ્કૃત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે, જે જ્ઞાની છે, ધન્ય પુરુષ છે, તે કાંઈ ન કરે છતાં મુક્ત જ છે, મુક્તિ માટે કંઈ કરવાનું હોતું જ નથી, તેથી જ તો પહેલા જ કહ્યું કે મૂઢ ચે, તે કર્મોનાં અભ્યાસ કર્યે જ રાખે છે. ઘણા કર્મો કર્યા કરે, છતાં મોક્ષ મેળવતો નથી.

કર્મથી હંમેશા બહારનું છે મળે, અંદરનું મેળવવા કર્મની જરૂર નથી. એટલે એમ નહીં કે આળસુ થઈ જવું કે બીજું કંઈ જ ન કરવું, પણ કર્તાભાવ ન રાખવો તે ! વિજ્ઞાન માત્રેણ... એટલે કે માત્ર બોધપૂર્વક! જાગૃતિથી હોશ રાખવાથી!!

કર્મો કરવાં એ કર્તવ્ય-ફરજ છે પણ તે નિર્લેપ રહીને કરવા એમાં ભાવનાથી, મમતાથી, મોહથી ઓતપ્રોત ન થવું જોઈએ. તાટસ્થ્યપૂર્ણ વિવેક રાખવો.

### સુવિચાર

- પ્રકૃતિ જયારે મુસીબતો વધારે છે ત્યારે બુદ્ધિનો વિકાસ પણ કરે છે - **ઈમર્સન**
- જો તમે સદૈવ લંગડા સાથે રહેશો તો તમે પોતે પણ લગડાતા થઈ જશો - **લેટિન કહેવત**
- પાણી જેવી ચંચળતાથી મનુષ્ય મહાન થઈ શકે નહીં - **જનકલ્યાણ**
- આપણે ચમત્કારોના પણ ચમત્કારો છીએ અને ઈશ્વરના અગાધ રહસ્ય - **બોધિવૃક્ષ**
- કોઈ પણ માણસે પોતાની ભૂલો કબૂલ કરવામાં શરમાવું ન જોઈએ, કારણ કે ભૂલ કબૂલ કરવી એનો અર્થ એવો પણ થાય તે ગઈકાલના કરતાં આજે અધિક બુદ્ધિશાળી થઈ ગયો છે - **સંત ઓગસ્ટિન**
- ડરપોક વ્યક્તિ જ નીડરતાનો જામો પહેરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : લસણનાં ૨૦ થી ૨૫ ટીપાં રસ પાણીમાં મેળવી દિવસમાં છ કલાકને અંતરે પીવાથી ઉધરસ અને કફ મટે છે **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નાનપણથી જ લિયોનાર્ડો ડા વિન્સી ખૂબ સારા ચિત્રકામ, શિલ્પકામ કરતો. એમના પિતા એન્ટોનિયો ખૂબ સારા પ્રતિષ્ઠિત વકીલ હતા. એમનો આગ્રહ એવો હતો કે દીકરા ને પણ વકીલ જ બનાવવો.

એકવાર પોતાનારૂમમાં મોટા કેનવાસ પર એક અંધારી ગુફાનું ચિત્ર દોર્યું અને એ ગુફામાં તગતગતા અંગારા જેવી આંખો વાળી, ઝેરી શ્વાસના ફૂંફાડા મારતો બિહામણો નાગ ચીતર્યો. ચિત્ર પૂરું થયું એટલે લીયોનાર્ડો એના પિતાને આ ચિત્ર જોવા લઈ આવ્યો. એ પહેલા તેણે એની કલાસૂઝથી ઓરડાની અડધી બારી એવી રીતે ખુલ્લી રાખી હતી કે જેથી પ્રકાશ પેલા કાળા ઝેરી નાગ ઉપર પડે. ઓરડામાં પગૂ મૂકતાં જ લિયોનાર્ડોના પિતાની નજર પેલાં ચિત્રમાંના સાપ પર પડી. અને બીકનો માર્યો... 'બાપ રે... સાપ... ભાગો...!!' ની બૂમ પાડી ઓરડાની બહાર ભાગ્યો... લિયોનાર્ડોએ કહ્યું, 'પિતાજી', ગભરાવ નહીં, આ તો ચિત્રમાંનો સાપ છે.' પિતા પુત્રની ચિત્રકળા પર ખુસ થઈ એ વખતના વિખ્યાત ચિત્રકાર આન્દ્ર ડેલ વેરોક્કી પાસે ચિત્રકલાની તાલિમ લેવા મૂક્યો.

# ઐતિહાસિક ચુકાદાને ફૂલડે વધાવીએ

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટ દ્વારા અરજદાર સાયરાબાનોની દાદ માગતી અરજીનો જે ઐતિહાસિક ચુકાદો જાહેર કરાયો છે તે ભારતીય મુસ્લિમ મહિલાઓના દર્દનાક ઉત્પીડન સામે ભારે આશ્વાસન સમાન છે સ્ત્રીને માત્ર પુરુષની ઈચ્છાની ગુલામડી બનાવતી તીન તલાક જેવી જુનવાણી પ્રથાને પાકિસ્તાન, સંયુક્ત આરબ અમીરાત અને બાંગ્લાદેશ જેવા ઈસ્લામિક દેશોએ વર્ષો પૂર્વે જાકારો આપ્યો હોવા છતાં ભારતમાં એ અત્યાર સુધી અમલમાં રહી એ ખરેખર શરમજનક બાબત ગણાવી જોઈએ. દેવબંધ જેવાં ધાર્મિક સંગઠનોના મૌલાનાઓ તો હજી પણ એનું સમર્થન કરે છે અને સુપ્રીમ કોર્ટના સ્પષ્ટ ચુકાદાએ પણ સામાજિક સ્તરે પકડારવાની ડીંગ હાંકે છે. મુસ્લિમ સમાજના સર્વાંગી પછાતપણા પાછળ આવા રૂઢિચુસ્ત ધાર્મિક નેતાઓની જીદ જ જવાબદાર છે. પવિત્ર કુરાન અને શરીઅત કે હદીસનાં મન ફાવે તેવાં ઓર્થોડોક્સ અર્થઘટન સરવાળે તો સમાજને અંધારપટ હેઠળ જ રાખતાં રહ્યાં છે. શાહબાનોએ તલાક વિરુદ્ધ ઉઠાવેલા અવાજને પણ દેશની સર્વોચ્ચ અદાલતે તો યોગ્ય પ્રતિસાદ પાઠવ્યો હતો, પરંતુ કટ્ટર મૌલાનાઓના પ્રભાવથી ડરેલા અને વોટબોંક જાળવી રાખવા અંતરાત્માને ગીરો મૂકવામાં પણ હીણપત નહીં અનુભવતા તત્કાલીન શાસન દ્વારા કાયદો કરીને એ પ્રગતિશીલ ચુકાદાને નિરસ્ત કરી દીધો હતો. રાજીવ ગાંધી એક તરફ દેશમાં અદ્યતન ટેકનોલોજી લઈ આવનારા પ્રગતિશીલ વડાપ્રધાન તરીકે પોંખાતા રહ્યા છે, પણ બીજી તરફ શાહબાનો કેસના ચુકાદા વિરુદ્ધ કાયદો ઘડીને એમણે મુસ્લિમ મહિલાઓને વાજબી લોકશાહી અધિકારોથી વંચિત રાખવાની ભૂલ પણ કરી હતી. એ ભૂલ વર્ષો પછી નરેન્દ્ર મોદી સુધારી શકતા હોય તો તે આવકારવાલાયક બાબત ગણાશે. આ ચુકાદો દેશની મુસ્લિમ મહિલાઓને હિંદુ મહિલાઓની સમકક્ષ લગ્નજીવનના અધિકારો આપે છે. શિયા અને સુન્ની જમાતો વચ્ચે આ મુદ્દે પાયાના મતભેદ છે. અને આગામી દિવસોમાં કદાચ સુન્ની મુસ્લિમ સમાજ આંદોલનનો માર્ગ અપનાવે તો પણ હવે જાગ્રત થયેલી મુસ્લિમ મહિલાઓ પર તીન તલાક જેવો ધૃણાસ્પદ ફતવો જારી કરવાનું મુશ્કેલ બની જશે. ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ પણ તીન તલાકને અન્યાયી પ્રથા તો માને જ છે એથી પણ વધુ અન્યાયી પ્રથા તલાક પછી ફરી વાર આગલા પતિ સાથે જોડાવા માટે વચ્ચે બીજા મર્દ સાથે ફરજિયાત લગ્ન કરીને તલાક મેળવવી પડે, તે 'હલાલા' પ્રથા છે. આવી અમાનવીય પરંપરાઓને વેળાસર દફનાવી દેવામાં જ મુસ્લિમ સમાજનું ભલું છે. ખુદ મુસ્લિમ બૌદ્ધિકો પણ આ વાત બરાબર સમજે છે, છતાં કુરાન અને શરીઅતના નામે મૌલવીઓ જે ફતવા બહાર પાડે છે એમની સામે મૂંગામંતર બની જાય છે. નરેન્દ્ર મોદીએ તીન તલાકની સામે ઉપાડેલી જેહાદ પાછળ ભલે હિંદુ મતોનાં ધ્રુવીકરણ અને મુસ્લિમ મહિલાઓની સહાનુભૂતિ મેળવવાનો આશય હોય તો પણ આ એક ઐતિહાસિક ચુકાદો છે અને એના પગલે કાયદો ઘડનારી સરકારને સૌએ અભિનંદન જ આપવાં પડશે. ત્રણ વિરુદ્ધ બેની બહુમતીથી આવેલા ચુકાદા પછી સંસદ આ મુદ્દે કાયદો બનાવી એવી અપેક્ષા ખુદ સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિએ સેવી છે. દેશની તમામ મહિલાઓ આ ચુકાદાથી ખુશ છે અને અત્યાર લગી ઘોર અન્યાય સહન કરતી રહેલી મુસ્લિમ મહિલાઓ સાથે છે.

# સ્વાઈન ફ્લુ ન થાય તે માટે...



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

અત્યારે ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુના ભણકારા વાગી રહ્યા છે. છાપામાં રોજ સ્વાઈન ફ્લુથી થયેલા મોત વિષે વર્ણનો છપાય છે. ગત વર્ષે પણ સ્વાઈન ફ્લુએ ગુજરાતનો ભરડો લીધેલો. બીજા રોગો કરતા સ્વાઈન ફ્લુમાં વધુ ચિંતા એટલે થાય કે જો મોડુ થઈ જાય તો સ્વાઈન ફ્લુ થી વ્યક્તિ મૃત્યુ પામી શકે. સ્વાઈન ફ્લુ મેલીરીયા-ટાઈફોઈડ કરતા વધુ મારક છે. સરકાર પોતાની રીતે શક્ય એટલા પ્રયત્નો કરી રહી છે પણ અંતે સ્વાઈન ફ્લુથી રક્ષણ મેળવવું એ વ્યક્તિની જાગૃતિ પર નિર્ભર છે. આજે આપણે અમુક એવા મુદાઓ પર નજર કરીએ કે જેને અનુસરવાથી સ્વાઈન ફ્લુ જેવી બિમારી થતી અટકી શકે. આયુર્વેદના અમુક એવા શ્રેષ્ઠ ઔષધો અને ઔષધયોગો વ્યક્તિની ઈમ્યુનિટીને વધારી આ રોગ થતો અટકાવી શકે. એક વાત ખાસ યાદ રાખવી ઘટે કે આયુર્વેદ કે હોમિયોપેથી સ્વાઈન ફ્લુ મટાડતી નથી. જો સ્વાઈન ફ્લુના લક્ષણો જણાય તો તરત જ નજીકની હોસ્પીટલમાં જઈ જરૂરી સારવાર કરાવવી. અહિ જે વાત કરીએ છીએ તે ફક્ત સ્વાઈન ફ્લુ ન થાય અને વ્યક્તિની ઈમ્યુનિટી વધે તે હેતુસર જ છે.

સ્વાઈન ફ્લુ જેવું ઈન્ફેક્શન થવું એ આપણી ઈમ્યુનિટી પર આધારીત છે. આપણે બધા બે પ્રકારની ઈમ્યુનિટી ધરાવીએ છીએ. એક સહજ (નેચરલ) ઈમ્યુનિટી છે. આ ઈમ્યુનિટી આપણને આપણા માતા-પિતા તરફથી વારસામાં મળે છે. આપણે આપણી આસપાસમાં એવા ઘણા લોકો જોયા હશે જેઓ મનફાવે તેમ ખાયપીવે, ઉજાગરા કરે અને દોડાદોડી કરે તોયે તેઓને ક્યારેય તાવ ન આવે કે તેઓ માંદા ન પડે. આવી વ્યક્તિઓની નેચરલ ઈમ્યુનિટી વધુ હોય છે. બીજી પ્રકારની ઈમ્યુનિટી એટલે યુક્તિકૃત (એક્વાયર્ડ) ઈમ્યુનિટી. આ ઈમ્યુનિટી આહાર-વિહાર-ઔષધ તેમજ ઋતુ-કાલ આદિ દ્વારા વ્યક્તિમાં ડેવલપ થાય છે. આ એક્વાયર્ડ ઈમ્યુનિટીને વધારવી આપણા હાથમાં છે. એક્વાયર્ડ ઈમ્યુનિટી વધારીએ તો નાના મોટા જે રોગ થાય છે એ ઘટી જાય. આ એક્વાયર્ડ ઈમ્યુનિટીને વધારવા માટે આહાર-વિહાર અને ઔષધ, ત્રણેય પર ફોકસ કરવું પડે.

આહાર : આપણી પ્રકૃતિને અનુકૂળ હોય તેવો જ આહાર લેવો. જેમકે, જો વારંવાર પિત્ત કે એસિડીટી થઈ જતી હોય તો લસણ, મરચાની બહું લાલચ રાખવી નહિં - આહાર સપ્રમાણ લેવો. અતિશય જમી લેવાથી પાચન તંત્ર મંદ પડે છે જે ઈમ્યુનિટી પર અસર કરે છે - પુરતા પ્રમાણમાં પાણી પીવું - સમયે સમયે સીઝનના ફળો પ્રમાણસર ખાવા (શરીરની પ્રકૃતિ અનુસાર) - મેંદો, ચીઝ, પનીર, વાયડા કઠોળ આદિ પચવામાં ભારે હોય તેવા ખોરાકથી દૂર રહેવું - જ્યારે માંદા પડયા હોઈએ ત્યારે ખૂબ ઓછું જમવું. મગનું પાણી, ગળેલી ખિચડી, બાફેલા શાક આદિ જેવો હળવો આહાર જ લેવો

વિહાર: - નિયમિત સાત કલાકની ઉંઘ લેવી - શક્ય હોય ત્યાં સુધી સવારે વહેલા ઉઠવું અને બપોરે ન સુવું - નિયમિત કસરત, યોગ અને પ્રાણાયામ કરવા - રોજ થોડું ધ્યાન (મેડીટેશન) કરવું - સારા વાંચનની ટેવ રાખવી - વ્યસનો થી દૂર રહેવું ઔષધ: આયુર્વેદમાં અમુક એવા અદ્‌ભૂત ઔષધોનો ઉલ્લેખ છે કે જે ઈમ્યુનિટી વધારવા માટે ખૂબ કારગત છે. ગળો, આમળા, હળદર, કડું, કરિયાતું, તુલસી, જેઠીમધ, ભોયઆમળી, લીમડો, મેથી, આદિ અનેક ઔષધો છે કે જે ઈન્ફેક્શનને દૂર કરી આપણી ઈમ્યુનિટી વધારે છે. આમાના જે ઔષધો આપણા શરીરને અનુકૂળ આવે તેનો નિયત માત્રામાં નિયમિત ઉપયોગ કરવો. સ્વાઈન ફ્લુ માટે સરકાર દ્વારા ગુડુચ્યાદિ ક્વાથનું વિતરણ કરવામાં આવે છે જેમા ગુડુચી (ગળો) અને બીજા ઈમ્યુનિટી વધારનારા ઔષધો હોય છે. સરકારી હોસ્પીટલમાં જઈને તેનો લાભ લઈ શકાય. આ ઉકાળા આયુર્વેદિક સ્ટોરમાં પણ અવેલેબલ હોય છે.

- contact@atharvaayu.com

# રેવાના નીરની વાતો એટલે ધ્રુવ ભટ્ટની 'તત્વમસિ'



## મનના ઉમંગો

રણછોડ પરમાર

ભાવનગરના નિંગાળા ગામમાં ૮મી મે ૧૯૪૭ માં જન્મેલા શ્રી ધ્રુવભાઈ ભટ્ટે એમની પ્રથમ નવલકથા ખોવાયેલું નગર ૧૯૮૪ માં લખી હતી. તે પછી ૧૯૮૫ માં અગ્નિકન્યા પ્રગટ કરી જે મહાભારતની દ્રોપદીના જીવનની આસપાસ હતી. પરંતુ તેઓ પ્રખ્યાત થયા ૧૯૯૩ માં પ્રકાશિત થયેલી સમુદ્રાંતિકે નવલકથા પછી. ત્યારબાદ આવેલી તત્વમસિને પણ એવો જ આવકાર મળ્યો. અતરાપિ, કર્ણલોક, અકૂપાર, લવલી પાન હાઉસ,તિમિરપંથી વગેરે નવલકથાઓને પણ અપાર પ્રશંસકો પ્રાપ્ત થયા છે. સમુદ્રાંતિકે સૌરાષ્ટ્રના વેરાવળથી ગોપીનાથ સુધીના પ્રદેશની વાતો લઈને આવી છે.અકૂપારમાં સિંહોના અભયારણ્ય ગીરની પ્રકૃતિ ગુંથાઈને આવી છે. જ્યારે તત્વમસિમાં નર્મદા કિનારાના મધ્ય પ્રદેશના અરણ્યોની મનોરમ્ય કહાણીઓ વણી લેવામાં આવી છે. તેમણે 'ગાય તેના ગીત' નામનો કાવ્યસંગ્રહ પણ આપ્યો છે. જેને સાહિત્ય પરિષદનું ઈનામ મળ્યું છે. જ્યારે તત્વમસિને સાહિત્ય અકાદમીનો એવૉર્ડ ઉપલબ્ધ થયો છે.

તત્વમસિમાં એક સરસ પ્રસંગ આલેખવામાં આવ્યો છે. તેની જરાક વાત કરવાનું મન થાય છે.કથાનાયક તેના પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ ભારતમાં નર્મદા કાઠે વસતા મધ્યપ્રદેશના અરણ્યવાસીઓના જીવનનો અભ્યાસ કરવા આવ્યો છે. ત્યાં તેને વિવિધ જાતના લોકોનો પરિચય થાય છે. એમાં એક ગુપ્તાજી છે જે, આદિવાસીઓને પૈસા વ્યાજથી આપે છે.પૈસાની વસૂલી કરવા દર પૂનમે જંગલમાં જાય છે. આદિવાસીઓ ગુપ્તાજીની રાહ જોઈને રસ્તાની ધારે બેઠા હોય છે. કોઈ રોકડ રકમ આપે છે, કોઈ મધ આપે છે, તો કોઈ લાચારીથી હાથ જોડીને ઉભો રહે છે. તેની ઉપર બીજી કોઈ વાત ન કરતાં ''કોઈ બાત નહી અગલી પૂરણ માસીકો દે દેના.'' એવું ગુપ્તાજી કહે છે. શહેરમાં બજારમાં આવવાની તેમને હિમ્મત નથી તેથી પૂનમનો દિવસ યાદ રાખી,ભૂતકાળની કોઈ કઠણ વેળાએ ગુપ્તાજી પાસેથી કંઈક રોકડ રકમ લીધી હશે તેના ચૂકવણા માટે આ અર્ધનગ્ન આદિવાસીઓ ગિરિ કંદરાઓ વટાવીને, કેટલાયે માઈલનો પંથ કાપીને રસ્તાની ધારે આવીને જીપની રાહ જોતાં બેસી રહે છે.નાયક પૂછે છે, '' એકાદ જણ પૈસા આપવા ના આવે તો આ જંગલમાં તેને ક્યાં શોધવા જાવ ? '' શ્રી હ રિ '' ગુપ્તાજી માથા પર હાથ ફેરવી નાયક તરફ ચહેરો ફેરવી હસીને બોલે છે. પછી ઉમેરે છે. '' ઐસા નહીં હોવે . વો લોગ જરુર આવેંગે,'' નાયક આગળ પ્રશ્ન કરે છે, '' કોઈ લખાણ હિસાબ કર્યા હોય તમે ?'' '' નહિ રે નહિ. લેન દેન ચલતી રહતી હૈ. અગર મોટી બાત હોવે તો અપના ઘર લિખત દેતે હૈ કભી કભી. '' નાયકને હસવું આવે છે, '' ઘર ? આ લોકોના ઘર જોયાં છે કોઈ દિવસ ? '' ત્યારે ગુપ્તાજી ગજબનો જવાબ આપે છે, ''મૈ પેદા હી યહાં હુવા હું ભાઈ ! સબ જાનતા હું. કિસીકો અપના ઘર નહિ હૈ. બરસાતમેં બહ જાવે, દિવાલીપે બને ઈનકી ઝોંપડિયાં ઓબી સરકારી જમીન પર. ન કોઈ ખત ન કોઈ દસતાવેજ .'' પછી ઊંડો શ્વાસ લઈ એકલા જ બોલતા હોય એમ ગુપ્તાજી બોલે છે, '' ફિર ભી ઘર તો આખિર ઘર હોતા હૈ. તુમ નહિ સમજોગે''

પરંતુ લેખક બરાબર સમજી જાય છે કે આ ભલાભોળા આદિવાસીઓએ જે ગીરવે મૂક્યુ હોય છે તે ઘર નથી જ હોતું. ઘર તો માત્ર બહાનું છે. આ લોકો ગીરવે મૂકે સ્વયં પોતાની જાતને. દેવાદાર ઘર નથી દેવાદાર છે ગુપ્તાજી પાસે ધન-કાપડ-અનાજ લેવા પગે ચાલીને ગયેલું અસ્તિત્વ અને તેનું નામ. એ અસ્તિત્વ અને એ નામને બંધન છે કે તેણે દેવુ અને વ્યાજ ચૂકવવા.પૂનમને દિવસે વનો ખુંદીને રસ્તાની એક બાજુ ઉભા રહી જવાનો આદેશ આ બધાને પોતાની અંદરથી જ મળે છે બહારથી નહિ.

આમાંનો કોઈ પણ દેવાદાર જો પૈસા ન ચૂકવે તો ગુપ્તાજી કોઈ કાળે તેનું દેવું વસૂલી શકે તેમ નથી , આ સત્ય હું જાણું છું. ગુપ્તાજી પણ જાણે છે અને સ્વયં પેલા દેવાદારો પણ જાણે છે. પરંતુ સાથોસાથ એ વાત એટલી જ નિષ્ઠાથી જાણે છે કે તેઓ એવું કરવાના નથી. એમ ન કરવું તે જ ધર્મ છે. સંસ્કૃતિની આજ્ઞા પણ હોઈ શકે. કદાચ આ સરળ સમજણ પણ એક કારણ હોય જેના લીધે આ દેશ હજારો વરસોથી ટકી રહ્યો છે.

આટલી વાત કરીને હું નવલકથાની બહાર નીકળી વિચારું છું તો થાય છે કે આ દેશને વિજય માલ્યા જેવો કેટલો નફ્ફટ દેવાદાર મળ્યો છે ? જે લાખો – કરોડોનું દેવું ભરપાઈ કરવાના બદલે વિદેશ ભાગી ગયો છે. લંડનમાં છૂટથી હરે ફરે છે. અને ભારત ઈંગ્લાંડની મેચમાં આપણી ટીમને ચીઅર અપ કરવા મેદાનમાં જાય છે.અરે ભાઈ તને ભારત વિજયની આટલી બધી ચિંતા શાની થાય છે? તું તો ભારતમાતાના નામ પર કલંક લગાવીને આવ્યો છે.દેશનું જરાકે હિત છાતીએ દાઝતું હોય તો આવ અહીં અને બની શકે એટલું દેવું ચૂકતે કર. ના થઈ શકે તો કોર્ટ કચેરીનો સામનો કર. આમ ચોરની જેમ ભાગી કેમ ગયો છે ?

રિઝર્વ બેંકે આવા નિર્લજ્જ નાદારોની એક લાંબી લચ યાદી તૈયાર કરી છે. બેકની નોટિસો એમના ઘેર પહોંચે તે પહેલાં તેઓ દરિયા પાર જતા રહ્યા હશે.સરકારના હાથ ગમે તેટલા લાંબા હોય પણ કોણ જાણે તે માલ્યા અને તેના જેવા ગઠીયાઓ સુધી કદી પહોંચતા નથી પળે પળે એટીકેટ અને સંસ્કૃતિની વાતો કરનારા આ લોકો કેમ પ્રજાના પૈસા ચાઉ કરી જતા સહેજે ખચકાતા નથી ? પેલા સસ્કૃતિના રખેવાળો કેમ આ વિષયમાં મીંઢુ મૌન ધારણ કરીને બેઠા છે ? .પ્રશ્નો અપાર છે, જેનો કોઈ જવાબ નથી. કોઈને જવાબ શોધવો ય નથી.

પરંતુ તત્વમસિ નવલકથા વાંચવા જેવી છે. આ શૂટેડબૂટેડ એજ્યુકેટેડ,બેંકરપ્ટેડ માલયા એન્ડ કંપનીથી દેશ આગળ વધી રહ્યો છે એવો ભાસ થશે પણ ખરેખર તો દેશ પાછળ પડી રહ્યો છે. આપણી સંસ્કૃતિની જાળવણી તો પેલા ભલા ભોળાં રાંક મનુષ્યોથી જ થશે. આટલુ જાણવા માટે પણ તમારે તત્વમસિ વાંચવી પડશે. તત્વમસિ જ શા માટે ,સમુદ્રાંતિકે અને અકૂપાર પણ વાંચવી જોઈએ. વાંચશો ને ? માથું ના ખંજવાળો મિત્ર, આ પુસ્તકો ના મળે તો કાંઈ નહિ , અત્યારે આપણા વનાંચલવાળા જયંતભાઈ પાઠકની કવિતા વાંચો.

પાછો વળું
આટલે દૂરથી સંભળાય છે તે તો
મધરાતના જંગલની
અંધારી ત્રાડનો અવાજ-
આટલે દૂરથી દેખાય છે તે તો
આદિવાસી કન્યાના
જીંથરીયા વાળ વચાળે સેંથી જેવી વાંકી ચૂકી વગડાની કેડીઓ-
આટલે દૂરથી અડકી જાય છે તે તો
મારી નાનકડી નદીની
પવનસુંવાળી ઓંઢણી - આટલે દૂરથી સોડાય છે તે તો
મારાં સીમ ખેતરના
લીલા લીલા મગફળીના છોડ- આટલે દૂરથી ચખાય છે તે તો
મારી ગામની વાડીના
ખાટાં મીઠાં ગજવે ભરેલાં બોર- તો પછી
પાંચે પાંચ ઈન્દ્રિયોને પાછળ મૂકીને નીકળેલો
હું હજીય... આટલેથી... પાછો વળું તો...

# જય ગણેશ ગણનાથ દયાનિધિ, સકલ વિઘ્ન કર દૂર હમારે, પ્રથમ ધરે જો ધ્યાન તુમ્હારો, ઉસકે પૂર્ણ કારજ સારે...



## લાગણીનો મેળો

રસિક વાળંદ

દીર્ઘદષ્ટિ ગણનાયક,
અર્પે જગતે દષ્ટિ વિદ્યાલક!
લંબોદર, મોદક અનુરાગી,
દિવ્ય વિચારો કેરા વાહક!
વિપત્તિ-વિઘ્નોના હરનાર!
... ગજાનન ગુણોના ભંડાર!

●●●

ભાદરવા સુદ ચોથ એટલે ગજાનન ગણપતિ દાદાને વહાલ કરવાનો અવસર...

મહાસિદ્ધિ વિનાયકી ચોથનો દિવસ...

આપણા પ્રત્યેક પ્રસંગનો પ્રારંભ 'વક્રતુંડ મહાકાય...' ગણપતિ વંદનાથી કરીએ છીએ... 'શ્રી ગણેશાય નમઃ ।' લખી ધંધા-રોજગારનો આરંભ કરનાર વેપારી હોય કે વિદ્યાર્થી હોય... પ્રત્યેકને તમામ કામ વિના વિઘ્ને પાર પડે તે માટે શ્રદ્ધાભાવ સાથે દાદાને વિનવે છે!

ગણપતિની મૂર્તિ ન હોય તો સોપારીના ગણપતિ બનાવે... અગ્રપૂજા તો ગણપતિની જ થવી જોઈએ એવો શ્રદ્ધાભાવ ખરો !!!

વિઘ્નહર્તા ગજાનન ગણપતિ વિનાયકનો 'ગણેશોત્સવ' આજે તો દમામભેર શહેરો જ નહીં ગામડામાંયે વિસ્તરવા માંડ્યો છે. સૌ કોઈ અબાલવૃદ્ધ 'ગણપતિ બાપ્પા મોરયા' - મય બની ગયા છે, મોર્યા એટલે નમસ્કાર. 'ગણપતિ બાપા મોરયા' અર્થાત્ 'ગણપતિ બાપાને નમસ્કાર.' 'બીજો અર્થ એ પણ ખરો કે 'મોરેશ્વર' નામનો ગણપતિનો એક મોટો ભક્ત પણ થયો છે. ભગવાનને ભક્તો પ્રિય હોય છે. તેથી 'મોરેશ્વર' કાલક્રમે 'મોરયા' થયો ને દુંદાળા દેવ સાથે જોડાઈ ગયો!!'

પૌરાણિક કથાનક મુજબ અજાણતાં જ ગણપતિનું શીશ કાપી નાખ્યા પછી પાર્વતીને પ્રસન્ન કરવા ભગવાન શિવજી તેમના પાર્ષદને શીશ શોધી લાવવા મોકલે છે. પાર્ષદ નજીકમાં જઈ હાથીનું મસ્તક લઈ આવે છે અને ધડ ઉપર તે મસ્તક મૂકતાં ગણપતિ સજીવન થાય છે. ગણપતિ ગજાનન બને છે.

દોસ્તો, જે ભગવાન શિવજી હાથીનું મસ્તક ધડ પર બેસાડી શકે તે ગણેશનું પોતાનું જ માથું પાછું કેમ ન જોડી શકે? પરંતુ પુરાણોની ભાષા ભાવગર્ભિત - લક્ષણા અને રૂપકોથી ભરેલી છે. બુદ્ધિશાળી બુદ્ધિ કસી ભાવગર્ભિત અર્થ કાઢી આનંદ પામી શકે છે અને બાળકબુદ્ધિના વાર્તારૂપે તે વાંચીને આનંદ પામે છે.

ગણપતિ ગણનાયક - વિનાયક છે. સમાજના નેતા છે. તત્ત્વજ્ઞાનના દેવતા છે. તત્ત્વવેત્તા અને નેતા પાસે હાથીનું મસ્તક હોવું જોઈએ... ગણપતિ એટલે સમૂહના પતિ એટલે કે નેતા. તે ગુણ-પતિ પણ હોવા જોઈએ... ગણ-પતિ પાસે બાહ્ય સૌંદર્ય ન હોય તો પણ આંતર સૌંદર્યનો વૈભવ અમાય છે.

નેતા-તત્ત્વવેત્તામાં કયા ગુણો હોવા જોઈએ તે ગજાનના સ્વરુપમાંથી પ્રદર્શિત થાય છે. ચાલો, થોડુંક ચિંતન કરીએ...!

● ગજાનન : હાથીનું મસ્થક - અન્ય કોઈ પ્રાણીનું મસ્તક ન મૂકતાં હાથીનું મસ્તક ધડ પર બેસાડવામાં એક આગવું વૈશિષ્ટ્ય છે. હાથીના જીવનમાં તેજસ્વીતા છે, મહાવત જરા ગુસ્સે થઈને બોલે તો હાથી ખાતો નથી, લાડ-પ્યારથી જ ખોરાક આરોગે છે. નિસ્તેજ તત્ત્વવેત્તા આત્માનંદ મેળવી ન શકે, કે નિસ્તેજ નેતા સમાજને દીન અને લાચાર બનાવે. હાથી પોતે ખાતાં પહેલાં પ્રથમ બે-ત્રણ કોળિયા આમતેમ ઉડાવી દે. બીજા અનેક જીવજંતુઓનું પેટ ભરાવું જોઈએ. આ ઉદારવૃત્તિ છે. તુલસીદાસજીએ લખ્યું છે; 'મુખિયા મુક સો ચાહિયે, ખાન પાન કો એક,
પાલત પોષત સકલ અંગ
તુલસિ ધરત વિવેક.' -

અર્થાત્ ખાવા-પીવાનું કામ મોંઢુ કરે પણ પુષ્ટિ આખા શરીરને મળે તે જ રીતે નેતાના પરિશ્રમથી આખા સમાજને પુષ્ટિ મળવી જોઈએ.

● સુપડા જેવા કાન :

'સાર સાર કો ગ્રહી રહે થોથાં દે ઉડાય.' સુપડાની માફક ફોતરાં જેવી નકામી વાતો ઉડાવી દે. કાને ન ધરે, મોટા કાન ઉત્કૃષ્ટ શ્રવણ ભક્તિ સૂચવે છે. આપણે ત્યાં 'બહુશ્રુત' માણસને કિંમત છે, નહીં કે well read!

● ઝીણી આંખો : સૂક્ષ્મ દષ્ટિ, જીવનમાં ખબર ન પડતાં દોષોને અટકાવવા જોઈએ. જૂના કાળમાં રાજનિર્વેશ મૃત્યુ પામે તો હાથણી કળશ ઢોળે તે રાજા તરીકે નિયુક્ત થતો. તત્ત્વવેત્તા કે નેતા પાસે ભાવિ પારખવાની દીર્ઘદષ્ટિ હોવી જોઈએ.

● મોટું નાક : દૂર સુધીનું સૂંઘી શકવા સમર્થ હોય. પ્રત્યેક વાતની ગંધ અગાઉથી આવી જાય... પારખવાની શક્તિનું સૂચન...

● ગણપતિના બે દાંત : આખો દાંત શ્રદ્ધાનો ને તૂટેલા મેધાનો. મેધા - બુદ્ધિ કદાચ ઓછી હોય તો ચાલશે પરંતુ ઈશ શ્રદ્ધાપૂર્ણ હોવી જોઈએ. મોટે ભાગે તો બુદ્ધિ જેમ વધતી જાય તેમ શ્રદ્ધાનું પુષ્પ કરમાતું જતું હોય છે. માનવીની બુદ્ધિ સીમિત હોવાથી આખરે શ્રદ્ધાપૂર્ણ હોવી જોઈએ. મોટે ભાગે તો બુદ્ધિ જેમ વધતી જાય તેમ શ્રદ્ધાનું પુષ્પ કરમાતું જતું હોય છે. માનવીની બુદ્ધિ સીમિત હોવાથી આખરે શ્રદ્ધાના સહારે આગળ વધવાનું હોય છે.

● ચાર હાથ : એક હાથમાં અંકુશ - જે વાસના વિકારો પર સંયમ સૂચવે છે. બીજા હાથમાં પાશ - જરૂર પડતાં ઈન્દ્રિયો કે અનુયાયીઓને શિક્ષા કરવાનું સૂચવે છે. ત્રીજા હાથમાં મોદક જે મોદ-આનંદ કરાવે તે. સંતોષપ્રદ સાહિત્યિક આહાર અને ચોથો હાથઆ આશીર્વાદની મુદ્રા - કદાચ ગણપતિ એક હાથે મોદક બતાવી બીજા હાથથી બોલાવી રહ્યા ન હોય!!

● લંબોદર : માણસ ગાગરપેટે નહીં સાગર પેટ હોવો જોઈએ. અનંત વાતો પેટમાં પચાવવાની તાકાત હોવી જોઈએ.

● પગ નાના : કોઈ કામ ઉતાળવે ન કરવું. આમેય બુદ્ધિમાનો ટૂંકા પગના હોય છે. પોતે દોડ્યા કરતા નથી બુદ્ધિથી બીજાને દોડાવે છે. પૃથ્વીની

અનુસંધાન પાના નં. ૭ પર